
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૫ | ૧૫ નવેમ્બર, ૨૦૧૭, બુધવાર ; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## દાઉદની ૩ સંપત્તિ ૧૧ કરોડમાં ખરીદાઈ

### મુંબઈ સ્થિત મિલકતોમાં શબનમ ગેસ્ટહાઉસ, હોટલ રોનક અફરોઝ સહિત ડામરવાલા બિલ્ડિંગના રૂમોની ભારે સુરક્ષાની વચ્ચે હરાજી




મુંબઈ, તા. ૧૪

કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહીમ અને ભારત માટે મોસ્ટ વોન્ટેડ એવા દાઉદની મુંબઈ ખાતે આવેલી સંપત્તિની આજે કરવામાં આવેલી નિલામી દરમિયાન દાઉદની ત્રણ સંપત્તિ એસબીયુટી ટ્રસ્ટ દ્વારા ખરીદી લેવામાં આવી છે. રૂપિયા ૧૧ કરોડમાં આ ત્રણ સંપત્તિ સૈફી બુરહાની અપલીપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ખરીદવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ડોન દાઉદ ઈબ્રાહિમની મુંબઈ ખાતે આવેલી સંપત્તિ માટે યોજવામાં આવેલી નિલામી દરમિયાન ડામરવાલા બિલ્ડિંગની રિઝર્વ પ્રાઈઝ એક કરોડ ૫૫ લાખ ૭૬ હજાર હતી. ભીંડી બજારમાં બનેલી હોટલ રોનક અફરોઝ માટે એક કરોડ ૧૮ લાખની રિઝર્વ પ્રાઈઝ રાખવામાં આવી હતી જ્યારે પાકમોડિયા સ્થિત પર આવેલા શબનમ ગેસ્ટહાઉસ માટે એક કરોડ ૨૧ લાખ ૪૩ હજારની રિઝર્વ પ્રાઈઝ રાખવામાં આવી હતી. દરમિયન નિલામી અંગે ટેન્ડર પ્રક્રિયા ૧૦ નવેમ્બરે પુરી કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન નિલામી માટે દેશભરમાંથી ૧૦ જેટલા રોકાણકારોએ ટેન્ડર માટે

● અનુસંધાન પાન-૫ પર

## ભારત અને ફિલિપિન્સ વચ્ચે સંરક્ષણ સહિત ચાર સમજૂતી

### મોદીએ જાપાન પીએમ, વિયેતનામના વડાપ્રધાન સાથે પણ મુલાકાત કરી



મનિલા,તા.૧૪

આશિયાન સમિટનમા બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના વડાપ્રધાન શિંજો આબે અને વિયેતનામના વડાપ્રધાન નેગ્યુન ફૂક સાથે પણ મુલાકાત કરી હતી. આ ઉપરાંત આશિયાન સમિટના પહેલા દિવસે વડાપ્રધાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ બાયોલેટરલ મીટિંગ કરી હતી. આ ઉપરાંત તેમણે ઓસ્ટ્રેલિયાના પીએમ ટર્નબુલ પણ મુલાકાત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફિલિપિન્સના પ્રેસિડન્ટ રોડ્રિગો દુતેર્તે સાથે દ્વિપક્ષીય સંબંધોના વિભિન્ન ક્ષેત્રોને લઈને વિસ્તૃત ચર્ચા થઈ. ત્યારબાદ બંને દેશોએ રક્ષા અને સુરક્ષા સહિત કેટલાંક ક્ષેત્રોમાં સહયોગ માટે ચાર સમજૂતી પર હસ્તાક્ષર કર્યા. બંને નેતાઓએ આતંકવાદને બંને દેશો અને ક્ષેત્રની સામે મોટું જોખમ ગણાવીને આ પડકાર સામે પ્રભાવશાળી રીતે લડવા માટે દ્વિપક્ષીય સહયોગ વધારવાનો સંકલ્પ કર્યો.

## ફુગાવાનો દર ૩.૫૯ ટકાના પર પહોંચ્યો

### છ મહિનાના ઉચ્ચ સ્તર પર મોંઘવારી દર : જીવન જરૂરી શાકભાજી મોંઘી બની : સપ્ટેમ્બરમાં ફુગાવો ૨.૬૦ ટકા પર હતો

નવીદિલ્હી, તા. ૧૪

શાકભાજી સહિત જીવન જરૂરી ચીજોના ભાવમાં ઓક્ટોબર માસમાં વધારો થતાં ફુગાવાનો દર વધીને તેના છ મહિનાના ઉચ્ચ સ્તર પર પહોંચી ગયો છે. જથ્થાબંધ મૂલ્ય સૂચકાંક પર આધારિત ફુગાવાનો દર ૩.૫૯ ટકા પર નોંધવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન અને તેમાં પણ સપ્ટેમ્બર માસમાં ફુગાવાનો દર ૨.૬૦ ટકા નોંધાવા પામ્યો હતો. એક વર્ષ અગાઉ ઓક્ટોબરમાં ફુગાવાની સ્થિતિ ૧.૨૭ ટકા રહેવા પામી હતી. જો કે, ઓક્ટોબર ૨૦૧૭ના ફુગાવાની સ્થિતિ અને આ વર્ષે એપ્રિલમાં છેલ્લે ૩.૮૫ ટકા ફુગાવાનો દર રેકોર્ડ કરવામાં આવ્યો હતો. જથ્થાબદ્ધ મૂલ્ય સૂચકાંક મામલે આજે બહાર પાડવામાં આવેલા આંકડાઓ મુજબ ખાવા પવાની ચીજોમાં ફુગાવાનો દર ઓક્ટોબર માસની સરખામણીમાં બે ગણો વધીને ૪.૩૦ ટકા ઉપર પહોંચી ગયો છે. વિજિટરો શાકભાજીને લાગે વળગે છે ત્યાં સુધી ફુગાવાનો દર સપ્ટેમ્બરમાં જે ૧૫.૪૮ ટકા નોંધાયો હતો તેમાં વધારો થઈને ઓક્ટોબર માસમાં ૩૬.૬૧ ટકા સુધી પહોંચી ગયો હતો.

જ્યાં સુધી ડુંગળીને લાગે વળગે છે ત્યાં સુધી ઓક્ટોબરમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ડુંગળીના ભાવમાં ૧૨૭.૦૪ ટકા જેટલો વધારો નોંધાયો છે. ઈંડા, મટન અને માછલીના ભાવ ૫.૭૬ ટકા જેટલા ઉંચા રહેવા પામ્યા છે. બળતણ અને વિજળી ક્ષેત્રમાં ફુગાવાનો દર ૧૦.૫૨ ટકા ઉપર પહોંચી ગયો છે. બળતણમાં ફુગાવાની સ્થિતિ સતત છેલ્લા ત્રણ માસથી ઉંચ જોવા મળી રહી છે. વૈશ્વિક બજારમાં ક્રૂડના ભાવમાં વધારો અને ત્યારબાદ પેટ્રોલ અને ડિઝલના ભાવ પણ સતત વલધી રહ્યા છે. ઘરેલુ ઉત્પાદન વધવાના કારણે વિજળીના દર પણ ઉંચા સ્તરે પહોંચી ગયા છે.

## ન્યુઝ ટ્રેક

### બાબા-હનીપ્રિતને વીઆઈપી ટ્રીટમેન્ટ નહી

હરિયાણાના જેલમંત્રી કૃષ્ણલાલ પવારે કહ્યુ છે કે બાબા રામ રહીમ અને હનીપ્રિતને જેલમાં કોઈ વીઆઈપી ટ્રીટમેન્ટ આપવામાં આવતી નથી. અન્ય કેદીઓની માફક જ તેમને ભોજન અને અન્ય સુવિધાઓ મળે છે.

### રસગુલ્લા થયા પશ્ચિમ બગાળના

રસગુલ્લાના નામ પર ઘણા સમયથી પશ્ચિમ બંગાળ અને ઓડિશા વચ્ચે ચાલી રહેલા વિવાદમાં આખરે પશ્ચિમ બંગાળની જીત થઈ છે. પશ્ચિમ બંગાળને રસગુલ્લાની જ્યોગ્રાફિકલ ઈન્ડિકેશન એટલે કે જીઆઈ ટેગ મળી છે.

### શશીકલા ફરી મુશ્કેલીમાં



આવકવેરા વિભાગે તામિલનાડુના કદાવર નેતા શશીકલાની વિવિધ અઘોષિત સંપત્તિઓ દરોડા પાડી શોધી કાઢી છે. ૧૮૭ સ્થળોએ પાડેલા દરોડામાં ૧૪૩૦ કરોડની સંપત્તિ મળી આવી છે.

## સુરક્ષા પરિષદમાં દલવીર ભંડારીનું પરિણામ રોકાયું

### બ્રિટન સામે ખુલ્લી દાવેદારી હોવાના કારણે ચૂંટણી પરિણામ કોઇપણ નિર્ણય વગર અટકાવી દેવાયું

સંયુક્ત રાષ્ટ્ર, તા. ૧૪

આંતરરાષ્ટ્રીય અદાલતમાં જજ તરીકે બીજો કાર્યકાળ સમય મેળવવા જઈ રહેલા ભારતીય જજ દલવીર ભંડારીનું ચૂંટણી પરિણામ બ્રિટનના પેટમાં ભારતનું આધિપત્ય વધી જશે તે બાબત ધ્યાને આવતા અટકાવી દેવામાં આવ્યું છે. એક સીટ ઉપર યોજાયેલી ચૂંટણીમાં ભાજરના દલવીર ભંડારી અને બ્રિટનના ક્રિસ્ટોફર ગ્રીનવુડ વચ્ચે આજે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે કોઈપણ જાતના નિર્ણય વગર મોકૂફ રાખવામાં આવ્યું છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં બહુમત ભારતીય જજની સાથે છે પરંતુ બ્રિટન સુરક્ષા પરિષદમાં હોવાના કારણે પી-૫ સમૂહના રસ્તામાં અંતરાયો ઉભા કરી રહ્યું છે. આ અંતરાયથી બે બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે, ભારત જેવા દેશો માટે એક ઘણો મોટો સમુદાય એક થયો છે. જેને રોકી શકાય એમ નથી. બીજી તરફ આ પરિવર્તનને સ્વીકારવા મહત્વપૂર્ણ સંગઠન તૈયાર નથી. સંયુક્ત રાષ્ટ્રના ૭૦ વર્ષના ઈતિહાસમાં એલિટ-૫ ગ્રુપમાં કોઈપણ સભ્ય આંતરરાષ્ટ્રીય અદાલતમાં ગેરજાર રહ્યો નથી. હવે અંતિમ બે ઉમેદવારો માટે અંતિમ મુકાબલો રહી ગયો છે. જેના મતદાનમાં ભંડારીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ૧૨૧ મત મળ્યા. આ અગાઉના મતદાનમાં ૧૧૬ મત મળ્યા હતા. ભારતની બહુપક્ષીય કુટનીતિનો આ ભાગ છે. ગ્રીનવુડને ગત વખતે ૭૬ મત મળ્યા હતા જે ઘટીને ૬૮ થઈ ગયા. મહાસભામાં પૂર્ણ બહુમત માટે ૯૭ મત મળવા જરૂરી છે. આ આખોય મામલો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અટકી ગયો છે.

## વિશ્વમાં વર્ષે ૨૧ લાખ મહિલા ડાયાબિટીસથી મોતને ભેટે છે

### વિશ્વમાં ડાયાબિટીસ દર્દીની સંખ્યામાં ભારત બીજા ક્રમે

### વિશ્વભરમાં ડાયાબિટીસના ૪૧.૫ કરોડ દર્દીઓ નોંધાયા



અમદાવાદ,તા.૧૪

વર્લ્ડ ડાયાબિટીસ ડે (વિશ્વ મધુપ્રમેહ દિન) નિમિતે આજે શહેરની એલ.જી. હોસ્પિટલ અને એએમસી મેટ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે સામાજિક જાગૃતિ અને લોકમાહિતી માટે એક ખાસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીને ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવતાં એલ.જી. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.રાજેશ સી.શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશમાં આજે છ કરોડથી વધુ લોકો ડાયાબિટીસના રોગથી પીડાઇ રહ્યા છે. વિશ્વભરમાં ડાયાબિટીસની દર્દીઓની સંખ્યામાં ભારત બીજા નંબરનો દેશ બની ગયો છે. આજે વિશ્વિમાં ૪૧.૫ કરોડ લોકો ડાયાબિટીસના દર્દીઓ છે ત્યારે કહેવાતા આ રાજરોગને લઈ સમાજમાં ખાસ કરીને મહિલાઓમાં જાગૃતિ કેળવવાનું અનિવાર્ય બની ગયું છે. વિશ્વમાં આજે ૨૦ કરોડ જેટલી સ્ત્રીઓ ડાયાબિટીસથી પીડાઇ રહી છે. દર વર્ષે ૨૧ લાખ સ્ત્રીઓના મરણ ડાયાબિટીસના કારણે વિશ્વમાં નોંધાઇ રહ્યા છે વિશ્વ મધુપ્રમેહ દિનની ઉજવણી નિમિતે આજે સ્ત્રી અને મધુપ્રમેહ : આરોગ્યમય ભવિષ્ય એ અમારો હક્ક ના મંત્ર સાથે વર્લ્ડ ડાયાબિટીસ ફાઉન્ડેશન, ડેન્માર્ક દ્વારા પ્રેરિત અમદાવાદ જિલ્લામાં ચાલતા સગર્ભાવસ્થાના મધુપ્રમેહની તપાસ અને જાગૃતિ પ્રોજેકટ અન્વયે આ વિશેષ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એલ.જી. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.રાજેશ સી.શાહે વધુમાં જણાવ્યું હતું કે, ડાયાબિટીસનો કહેવાતો આ રાજરોગ આજે ૭૫ ટકા જેટલા ગરીબ અને મધ્યમ વર્ગને પીડા આપી રહ્યો છે. વિશ્વભરમાં આજે ૨૦ કરોડ જેટલી સ્ત્રીઓ ડાયાબિટીસથી પીડાઇ રહી છે.

